સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

શ્રાવણ વદ - 03

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષ: ૧૧ ● અંક: ૨૫૭ ● તારીખ: ૧૫.૦૮.૨૦૨૬, શનિવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## તંત્રી સ્થાનેથી..

### આઝાદીના અમૃત પર્વનો પવિત્ર અવસર

૧૫મી ઓગસ્ટ એટલે ભારતીય લોકશાહીનો સૌથી ઝળહળતો અને ગૌરવવંતો દિવસ. આજથી દાયકાઓ પહેલાં આજના જ દિવસે આપણો દેશ વિદેશી ગુલામીની જંજીરો તોડીને સ્વતંત્રતાના એક નવા પ્રભાતમાં પ્રવેશેલો. 'સમય સંદેશ' પરિવાર વતી દેશભરના અને વિદેશમાં વસતા તમામ ભારતીય નાગરિકોને ૭૯મા સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ. આ માત્ર એક સરકારી કે જાહેર રજાનો દિવસ નથી, પરંતુ દરેક ભારતીયના હૃદયમાં રાષ્ટ્રપ્રેમ, એકતા અને ગૌરવની ભાવનાને પુનઃજીવિત કરવાનો પવિત્ર અવસર છે. આઝાદીની આ મધુર ક્ષણો આપણને સહજતાથી નથી મળી; તેની પાછળ લાખો શહીદોના રક્ત, ત્યાગ અને અપરંપાર સમર્પણ રહેલાં છે. નેતાજી સુભાષચંદ્ર બોઝ, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, વીર સાવરકર, સરદાર વલ્લભભાઈ પટેલ અને મોહનદાસ કરમચંદ ગાંધી જેવા અનેક મહાન ક્રાંતિવીરો તેમજ અનામી સ્વાતંત્ર્ય સેનાનીઓના અથાક પરિશ્રમનું પરિણામ આજે આપણે મુક્ત હવામાં શ્વાસ લઈને ભોગવી રહ્યા છીએ. આજના આ નિમિત્તે 'સમય સંદેશ' તે તમામ અમર આત્માઓ અને દેશની સરહદો પર રાત-દિવસ જાગતા વીર જવાનોના ચરણોમાં કોટિ-કોટિ વંદન કરે છે. સ્વતંત્રતા મળ્યા બાદના દાયકાઓમાં ભારતે દરેક ક્ષેત્રમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. વિજ્ઞાન, ટેકનોલોજી, અવકાશ સંશોધન, શિક્ષણ અને આર્થિક ક્ષેત્રે આજે ભારત વિશ્વના અગ્રણી દેશોની હરોળમાં મક્કમતાથી ઊભું છે. આપણે કૃષિ ક્ષેત્રે આત્મનિર્ભર બન્યા છીએ અને ડિજિટલ ક્રાંતિ દ્વારા વિશ્વને નવી દિશા ચિંધી રહ્યા છીએ. ભારતની આ વૈશ્વિક છબી અને પ્રગતિ એ દરેક નાગરિકના પરિશ્રમ અને નિષ્ઠાનું સુખદ પરિણામ છે, જે આપણા લોકશાહી મૂલ્યોની મજબૂતી દર્શાવે છે. જોકે, આઝાદીના આ ઉત્સવની ઉજવણી સાથે આપણે દેશ સામેના વર્તમાન પડકારો અંગે પણ આત્મચિંતન કરવાની જરૂર છે.

# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આહ્વાન: 'રાષ્ટ્રહિત પ્રથમ'ના ભાવ સાથે વિકસિત ગુજરાત બનાવીએ

## ૨૦૩૫માં ગુજરાતના ૭૫ વર્ષ અને ૨૦૪૭ના વિકસિત ભારતના સંકલ્પને સુવર્ણકાળ બનાવવા મુખ્યમંત્રીનો રોડમેપ

**સમય સંદેશ: ગાંધીનગર**

દેશના ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતના નાગરિકોને પાઠવેલા પ્રજાજોગ સંદેશમાં 'રાષ્ટ્રહિત પ્રથમ'નો ભાવ હૈયે રાખીને વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના નિર્માણનું ભાવભર્યું આહ્વાન કર્યું છે. તેમણે સ્વાતંત્ર્ય વીરોના ત્યાગ અને બલિદાનને વંદન કરતા જણાવ્યું હતું કે, ૨૦૪૭માં આઝાદીની શતાબ્દી ઉજવાય તે પહેલાં ૨૦૩૫માં ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે, ત્યારે આ અમૃત પર્વને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશના વિકાસનો સુવર્ણ કાળ બનાવવા સૌ ગુજરાતીઓ એકજૂથ થાય તે જરૂરી છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની વિકાસગાથા રજૂ કરતા જણાવ્યું હતું કે, સોમનાથ મંદિરના પુન:નિર્માણના ૭૫ વર્ષથી આપણે વિરાસતનું ગૌરવ વધાર્યું છે. ગરીબ, યુવા,



અન્નદાતા અને નારીશક્તિ જેવા ચાર મુખ્ય આધારસ્તંભો પર ગુજરાત આગળ વધી રહ્યું છે. રોજગારીમાં મહિલાઓની ભાગીદારી ૨૦૪૭ સુધીમાં ૭૫ ટકા સુધી લઈ જવાની નેમ સાથે ૫ લાખથી વધુ બહેનોને 'લખપતિ દીદી' બનાવાઈ છે. સેમિકન્ડક્ટર પ્લાન્ટ્સ, ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પોલિસી, નવી ઉદ્યોગ નીતિ-૨૦૨૬ અને ડેટા સેન્ટર પોલિસીથી ગુજરાત ટેકનોલોજી હબ બની રહ્યું છે. સામાજિક ક્ષેત્રે ડ્રોપઆઉટ બાળકો માટે શાળા પ્રવેશ અભિયાન, ભૂલકાંઓ માટે 'મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના', પીએમજેએવાય હેઠળ રૂ. ૧૦ લાખની આરોગ્ય સહાય, ૧૬ લાખ ગરીબોને પાકાં મકાનો અને જનજાતિય વિસ્તારોમાં વનબંધુ કલ્યાણ યોજનાથી વિકાસના લાભો પહોંચાડાયા છે. અંતમાં તેમણે 'હર ઘર તિરંગા' અભિયાનમાં સૌને ઉત્સાહભેર જોડાવા હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# સ્વાતંત્ર્ય પર્વની પૂર્વસંધ્યાએ દિલ્હીમાં બોમ્બની ધમકીથી અફરાતફરી: હાઈકોર્ટ, એરપોર્ટ અને મેટ્રો નિશાના પર

## ખાલિસ્તાનના નામે આવેલા ઈમેઈલ બાદ સુરક્ષા એજન્સીઓ હાઈએલર્ટ મોડ પર; તપાસમાં કંઈ પણ શંકાસ્પદ મળ્યું નથી

**સમય સંદેશ: નવીદિલ્હી**

૧૫મી ઓગસ્ટની પૂર્વસંધ્યાએ રાજધાની દિલ્હીમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. દિલ્હી હાઈકોર્ટ, લાલ કિલ્લો, દિલ્હી મેટ્રો, આઈજીઆઈ એરપોર્ટ (ટર્મિનલ-૩) તેમજ અંબાલા જતી ટ્રેનો સહિત અનેક મહત્વના સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતો એક સનસનાટીભર્યો ઈમેઈલ મળતા હડકંપ મચી ગયો હતો. આ અંગેની જાણ થતાં જ દિલ્હી હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલ અને દિલ્હી પોલીસના ઉચ્ચ અધિકારીઓ સતર્ક થઈ ગયા હતા અને સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવાઈ હતી. મળતી વિગતો અનુસાર, ખાલિસ્તાનના નામે મોકલવામાં આવેલા આ ધમકીભર્યા ઈમેઈલમાં ૧૫ ઓગસ્ટે બપોરે ૨:૧૧ વાગ્યે દિલ્હી હાઈકોર્ટમાં અને ૩:૧૧ વાગ્યે ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં બોમ્બ વિસ્ફોટ કરવાનો દાવો કરાયો હતો. મેઈલમાં ''દિલ્હી બનશે ખાલિસ્તાન'' લખવાની સાથે બબ્બર ખાલસા (પરમાર-કેનેડા) નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ અને અદાલતો સામે પણ ધમકીભરી ભાષાનો ઉપયોગ કરાયો હતો. હાઈકોર્ટ સિવાય જામનગર હાઉસ, ઝંડેવાલાન બિલ્ડિંગ, સાકેત ઓફિસ, ડીએમ કચેરી અને એસડીએમ દફ્તર જેવા અન્ય સ્થળોને પણ નિશાન બનાવવાની વાત કહેવાઈ હતી. ઈમેઈલ મળ્યા બાદ તમામ સુરક્ષા એજન્સીઓ અને ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળો પર ધસી ગઈ હતી.

# આઝાદી પર્વે દેશના ૧,૦૫૭ જવાનોનું પદકથી સન્માન: ૩૦૧ને વીરતા અને ૯૨ને વિશિષ્ટ સેવા મેડલ એનાયત

## ત્રણ શૂરવીરોને મરણોત્તર એવોર્ડ; નક્સલ પ્રભાવિત વિસ્તારોમાંથી સૌથી વધુ ૧૯૭ જવાનોની પસંદગી

**સમય સંદેશ: નવીદિલ્હી**

સ્વતંત્રતા દિવસ ૨૦૨૬ ના પાવન અવસરે દેશની સુરક્ષામાં અસાધારણ શૌર્ય અને નિષ્ઠા દર્શાવનાર પોલીસ, ફાયર બ્રિગેડ, હોમ ગાર્ડ, સિવિલ ડિફેન્સ અને સુધાર સેવાઓના કુલ ૧,૦૫૭ કર્મચારીઓને વીરતા તથા સેવા પદકથી સન્માનિત કરવાની જાહેરાત ગૃહ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે. આ પદકોમાં ૩૦૧ વીરતા પદક (મેડલ ફોર ગેલન્ટ્રી), ૯૨ વિશિષ્ટ સેવા માટેના રાષ્ટ્રપતિ પદક (પ્રેસિડેન્ટ્સ મેડલ) અને ૬૬૪ સરાહનીય સેવા પદકનો સમાવેશ થાય છે.

આ વર્ષે જાહેર કરાયેલા એવોર્ડ્સમાં છત્તીસગઢ પોલીસના સ્વ. નિતેશ એક્કા અને સ્વ. રમેશ કોરેટી તેમજ ઉત્તર પ્રદેશ પોલીસના ઈન્સ્પેક્ટર સ્વ. સુનીલ કુમારને મરણોત્તર વીરતા પદક આપવામાં આવ્યા છે. કુલ ૩૦૧ વીરતા પુરસ્કારોમાંથી ૨૭૨ પોલીસ કર્મચારીઓને અને ૨૯ ફાયર સર્વિસના કર્મચારીઓને મળ્યા છે. જેમાં સૌથી વધુ ૧૯૭ જવાનો ઉગ્રવાદ/નક્સલ પ્રભાવિત વિસ્તારોમાંથી, ૫૧ જમ્મુ-કાશ્મીર ક્ષેત્રમાંથી, ૧૨ ઉત્તર-પૂર્વમાંથી અને ૪૧ જવાનો અન્ય વિસ્તારોમાંથી પસંદગી પામ્યા છે. વિશિષ્ટ સેવા માટેના ૯૨ પ્રેસિડેન્ટ્સ મેડલમાંથી ૮૩ પોલીસ સેવા, ૪ ફાયર સર્વિસ, ૩ સિવિલ ડિફેન્સ/હોમ ગાર્ડ અને ૨ સુધાર સેવાને ફાળવાયા છે. જ્યારે સરાહનીય સેવા માટેના ૬૬૪ મેડલમાંથી ૬૦૬ પોલીસ સેવા, ૨૮ ફાયર સર્વિસ, ૧૮ સિવિલ ડિફેન્સ/હોમ ગાર્ડ અને ૧૨ સુધાર સેવાના કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ એનાયત કરવામાં આવ્યા છે.


# લુણાવાડા-સંતરામપુર હાઈવે પર ટેન્કર-કાર વચ્ચે ભયાનક અકસ્માત

## દાહોદના માતા-પુત્ર અને દાદીના મોત, ટેન્કર ચાલક ફરાર

**સમય સંદેશ: મહિસાગર**

મહીસાગર જિલ્લામાં ગઈકાલે ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી હતી. લુણાવાડા-સંતરામપુર હાઈવે પર હરિગરના મુવાડા ગામ નજીક દૂધના ટેન્કર અને કાર વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં કારમાં સવાર એક જ પરિવારના ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હતા. મૃતકો દાહોદ જિલ્લાના ફતેપુરાના તળાવ ફળિયુંના રહેવાસી વતની છે. મૃતકોમાં કાર ચાલક હાર્દિકભાઈ પ્રશાંતભાઈ પ્રજાપતિ, તેની પુષ્પાબેન પ્રશાંતભાઈ પ્રજાપતિ અને તેની દાદી સવિતાબેન કાળુભાઈ પ્રજાપતિનો સમાવેશ થાય છે.

મળતી માહિતી મુજબ, લુણાવાડા તરફથી દૂધનું ટેન્કર સરસણ સિત કેન્દ્ર તરફ જઈ રહ્યું હતું. દરમિયાન સંતરામપુર તરફથી લુણાવાડા તરફ આવી રહેલી કાર સાથે હરિગરના મુવાડા ગામ નજીક ટેન્કરની અથડામણ થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો અને કારમાં સવાર ત્રણેય લોકોના



ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા.

અકસમાતની જાણ થતાં સ્થાનિક લોકોના ટોળા ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સંતરામપુર પોલીસના પીઆઈ સહિતનો સ્ટાફ પણ સ્થળ પર પહોંચ્યો હતો અને અકસ્માત અંગેની આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટના બાદ ટેન્કરચાલક ફરાર થઈ ગયો છે. મહીસાગર જિલ્લા કલેક્ટર અર્પિત સાગર તથા જિલ્લા પોલીસ અધિક્ષક સફિન હસને ઘટનાસ્થળે પહોંચી પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરી હતી. બંનેએ અકસ્માત કેવી રીતે થયો તેની જાણકારી મેળવી હતી

# આરજી કર કેસ: પૂર્વ ટીએમસી ધારાસભ્ય નિર્મલ ઘોષ પર ભીડનો હુમલો

## કોર્ટમાં રજૂઆતી વખતે લોકોએ જૂતાનો હાર પહેરાવ્યો, કાદવ-ઈંડા ફેંક્યા; પોલીસે હેલ્મેટ પહેરાવી સુરક્ષિત પહોંચાડ્યા

**સમય સંદેશ: કોલકાતા**

કોલકાતાની આરજી કર હોસ્પિટલના મહિલા ટ્રેની ડોક્ટરના રેપ-મર્ડર કેસમાં ધરપકડ કરાયેલા પૂર્વ ટીએમસી ધારાસભ્ય નિર્મલ ઘોષ અને અન્ય આરોપી સંજીબ મુખર્જી પર ગઈકાલે બેરકપુર કોર્ટમાં લઈ જતી વખતે ઉશ્કેરાયેલી ભીડે હુમલો કર્યો હતો. ખરદહ પોલીસ સ્ટેશનથી કોર્ટ પરિસરમાં લાવતી વખતે લોકોએ તેમને ઘેરીને લાત-મુક્કા માર્યા હતા તેમજ જૂતાનો હાર પહેરાવી ઈંડા, ચપ્પલ અને કાદવ ફેંક્યો હતો. લોકોના રોષને



જોતા પોલીસ અને છઅત્રના જવાનોએ બંને આરોપીઓને હેલ્મેટ પહેરાવીને 'ચોર-ચોર'ના નારાઓ વચ્ચે માંડ-માંડ કોર્ટના લોકઅપમાં પહોંચાડ્યા હતા.

આ બંને આરોપીઓની ધરપકડ પીડિતાના પિતાની નવી ફરિયાદ બાદ ઓડિશાના બાલાસોરથી કરવામાં આવી હતી. પીડિતાના માતા-પિતાનો આરોપ છે કે, ૯ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ બનેલી આ ઘટના બાદ તત્કાલીન ધારાસભ્ય નિર્મલ ઘોષે પોતાના રાજકીય પ્રભાવનો ઉપયોગ કરીને પરિવારની ઈચ્છા વિરુદ્ધ ઉતાવળમાં પુત્રીના અંતિમ સંસ્કાર કરાવી દીધા હતા. આના કારણે ફરીથી પોસ્ટમોર્ટમ કરવાની શક્યતા ખતમ થઈ ગઈ હતી અને બળાત્કાર તથા હત્યા સાથે જોડાયેલા મહત્વના પુરાવા નષ્ટ કરવાનો પ્રયાસ કરાયો હતો.

# ગુજરાતમાં ૬ સિસ્ટમ સક્રિય: આગામી બે દિવસ ભારે વરસાદની આગાહી

## ૧૫મી ઓગસ્ટના રોજ ૪ જિલ્લામાં યલો એલર્ટ; દરિયામાં કરંટને પગલે માછીમારોને ૩ દિવસ દરિયો ન ખેડવા સૂચના

**સમય સંદેશ: અમદાવાદ**

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ સુધી વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે. હાલમાં શિયર ઝોન, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, ડિપ્રેશન, મોન્સૂન ટ્રફ, સાયક્લોનિક સર્ક્યુલેશન સહિત કુલ છ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી આજે ૧૫મી ઓગસ્ટે તાપી અને ડાંગ સહિત ૪ જિલ્લાઓમાં યલો એલર્ટ સાથે ભારે વરસાદની શકયતા વ્યકત કરવામાં આવી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૪૯૪.૫ મિમી (૧૯.૪૪ ઈંચ) વરસાદની સામે ૫૦૧.૬ મિમી (૧૯.૭૨ ઈંચ) એટલે કે ૧ ટકા વધુ વરસાદ નોંધાઈ ચૂક્યો છે. દરિયામાં સર્જાયેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને માછીમારોને પણ દરિયો ન ખેડવા ચેતવણી અપાઈ છે.



ગતરોજ અમદાવાદ શહેરમાં આશ્રમ રોડ, રિવરફ્રન્ટ, ગુજરાત યુનિવર્સિટી અને ચાંદલોડિયા સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદી ઝાપટાં વરસ્યા હતા. વરસાદના પગલે વાતાવરણમાં મોટો પલટો આવ્યો હતો અને લોકોને ગરમી તથા બફારામાંથી મોટી રાહત મળી હતી. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, સિસ્ટમ સક્રિય હોવાને કારણે આગામી દિવસોમાં પણ રાજ્યના વિવિધ ભાગોમાં મેઘમહેર જારી રહેશે.

બીજી તરફ મહીસાગર જિલ્લામાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. બાલાસિનોરમાં દિવસભરના વરસાદી માહોલ બાદ સાંજના સમયે પડેલા ધોધમાર વરસાદથી રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા, જેના કારણે વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ ઉપરાંત લુણાવાડા શહેર સહિત તાલુકાના ચોપડા, વિરણીયા, કાંઠા, ભાયાસર અને સોનેલા જેવા ગ્રામ્ય વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો હતો. સતત થઈ રહેલા વરસાદથી ઉભા પાકને મોટો ફાયદો થતાં ખેડૂતોમાં ભારે ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

## અંક બંધ

ભારતના સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે તા.૧૫-૦૮-૨૦૨૬ના રોજ 'સમય સંદેશ' દૈનિક રજા પાળશે જેથી અંક પ્રસિદ્ધ થશે નહીં તા.૧૭-૮-૨૦૨૬થી અંક રાબેતા મુજબ પ્રસિદ્ધ થશે.જેની સર્વે વાંચકો, વિજ્ઞાપન દાતાઓ અને વિતરક બંધુઓએ નોંધ લેવી.

**-વ્યવસ્થાપક**

સર્વે વાંચકો-વિજ્ઞાપનદાતાઓ અને વિતરક બંધુઓને સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે હાર્દિક અભિનંદન..

**- સમય સંદેશ પરિવાર**

# જામનગરમાં તિરંગા અપમાન બદલ વોર્ડ-૯ના સેનેટરી ઈન્સ્પેકટર સસ્પેન્ડ

## મનપા ઓફિસમાં 'હર ઘર તિરંગા' અભિયાન દરમિયાન ધ્વજ કચરામાં મળ્યા

**સમય સંદેશ: જામનગર**

જામનગર મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૯ની ઓફિસમાં રાષ્ટ્રધ્વજ કચરાની જેમ ફેંકાયેલા મળતા વિવાદ સર્જાયો છે. આ ઘટના બાદ તાત્કાલિક અસરથી વોર્ડ નંબર-૯ના સેનેટરી ઈન્સ્પેકટરને ફરજ પરથી છૂટા કરી દેવામાં આવ્યા છે.

ભારતભરમાં આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત 'હર ઘર તિરંગા' અભિયાન ચાલી રહ્યું છે. જામનગર શહેર અને જિલ્લામાં પણ વહીવટી તંત્ર દ્વારા તિરંગા યાત્રાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આણદાબાવા ચકલા વિસ્તારમાં આવેલી મનપાની વોર્ડ ઓફિસના પાછળના ભાગે ખુલ્લી જગ્યામાં રાષ્ટ્રધ્વજ અસ્તવ્યસ્ત હાલતમાં જમીન પર પડેલા જોવા મળ્યા હતા. આ દ્રશ્યોએ રાષ્ટ્રધ્વજના અપમાન સમાન સ્થિતિ ઊભી કરી હતી. આ ઘટનાને પગલે શહેરીજનોમાં રોષ જોવા મળ્યો છે. નાગરિકો દ્વારા




તસવીર: હિરેન ગાંધી

વહીવટી તંત્ર રાષ્ટ્રધ્વજની ગરિમા જળવાઈ રહે તે માટે સંપૂર્ણ તકેદારી રાખે તેવી માંગ ઉઠી છે. આ મામલે જવાબદાર અધિકારીઓ સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ પણ કરવામાં આવી રહી છે.

# જામનગર એલસીબીના એએસઆઇ નાનજી પટેલને મળશે રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક



**સમય સંદેશઃ જામનગર**

સ્વતંત્રતા દિવસ-૨૦૨૬ નિમિત્તે પોલીસ સેવામાં વિશિષ્ટ અને પ્રશંસનીય કામગીરી બદલ આપવામાં આવતા રાષ્ટ્રપતિ પોલીસ ચંદ્રક માટે ગુજરાતના પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં જામનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા સહાયક પોલીસ સબ ઇન્સ્પેક્ટર (એએસઆઈ) નાનજીભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે. પોલીસ સેવામાં ફરજ દરમિયાન નિષ્ઠા, કાર્યદક્ષતા અને વિશિષ્ટ કામગીરી બદલ એએસઆઈ નાનજીભાઈ પટેલને મળેલું આ સન્માન જામનગર પોલીસ પરિવાર માટે ગૌરવની વાત છે. સ્વતંત્રતા દિવસના રાષ્ટ્રીય પર્વ નિમિત્તે જાહેર થયેલી આ પસંદગીથી જામનગર પોલીસ બેડામાં આનંદની લાગણી પ્રસરી છે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સહિત તેમના સાથીદારો દ્વારા નાનજીભાઈ પટેલને અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

## નામ બદલાવેલ છે

મારું લગ્ન પહેલાંનું જૂનું નામ વિરડીયા જ્યોતસના તુલસીભાઇ હતું જે બદલીને લગ્ન પછી નવું નામ રૂપાપરા જ્યોત્સનાબેન ગીરીશભાઇ રાખેલ છે. જેની સર્વે એ નોંધ લેવી.

લી. રૂપાપરા જ્યોત્સનાબેન ગીરીશભાઇ

## નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને સંઘાણી ધ્રુવ ચંદ્રકાંત માંથી ધ્રુવ સંઘાણી કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

**સરનામું**
શ્રી રામ નિવાસ, પી.બી. પ્લોટ, સરદાર ચોક, વિભાપર, જામનગર-૩૬૧૦૦૭

## નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને સંઘાણી મેઘા ચંદ્રકાંત માંથી સંઘાણી મેઘા કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી

**સરનામું**
શ્રી રામ નિવાસ, પી.બી. પ્લોટ, સરદાર ચોક, વિભાપર, જામનગર-૩૬૧૦૦૭


...૧૫ મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિવસની હાર્દિક શુભકામનાઓ...

ગુજરાત કરાર-આઉટસોર્સિંગ-રોજમદાર કર્મચારી મહાસંઘ

સ્વતંત્ર ભારતના વિકાસમાં કરાર અને આઉટસોર્સિંગ કર્મચારીઓનું
અમૂલ્ય યોગદાન

- રાજ્યના વિકાસમાં ખભેખભા મિલાવી ફરજ બજાવતા લાખો કરાર, આઉટસોર્સિંગ અને રોજમદાર કર્મચારીઓના પરિશ્રમને સલામ..
- કર્મચારીનું સન્માન - મહેનતનું સન્માન - ન્યાયસંગત હકનું સન્માન..
- સમાન કામ માટે સમાન વેતન, નોકરીની સુરક્ષા અને સામાજિક સુરક્ષા સહિતના કર્મચારી હકો માટે મહાસંઘ હંમેશા સંગઠિત અને સંઘર્ષશીલ રહેશે..

■ અમિતભાઈ કવિ ---- પ્રમુખશ્રી પી.એમ. પોષણ શક્તિ નિર્માણ યોજના મહાસંઘ
■ વીરાભાઈ પીઠાભાઈ ચેતરીયા ---------------------------- પ્રદેશ કન્વીનરશ્રી
■ આલાભાઇ નથુભાઈ વારોતરીયા ------ પ્રમુખશ્રીઃ પી.એમ.પી. જામકલ્યાણપુર

જિલ્લા કારોબારી મેમ્બરશ્રીઓઃ વિજયભાઈ ભોગાયતા, દેવજીભાઈ મકવાણા, દીપુભા

આઝાદીના અમૃતકાળ પ્રસંગે દેશમાં શિક્ષણનો વ્યાપ વધારીએ

જામનગર પાલિકા પ્રાથમિક શિક્ષક સંઘ
જામનગર
● પ્રમુખશ્રી ●
ચંદ્રકાંત ખાખરિયા
● ઉપપ્રમુખશ્રીઓ ●
કે.જી. વાળા, અરવિંદ પટેલ, હેતલબેન પંચમતિયા
● સહમંત્રીશ્રીઓ ●
સંજય મેસિયા, સંજય ચાંદ્રા, અમિતાબેન વિરાણી
● મહામંત્રીશ્રીઃ રાકેશ માકડિયા
● ખજાનચીશ્રીઃ દિપક ગલાણી
તથા તમામ કારોબારીશ્રીઓ

ShreeLab®
We're right where you need us !
તમારી ઉંમર નહીં, તમારા શરીરની ઉંમર જાણો!
Body Age Report
જામનગરમાં પહેલીવાર
- Body Fat, Muscle Mass, Bone Weightનું વિશ્લેષણ
- ડાયટ અને લાઈફસ્ટાઈલ માર્ગદર્શન
- Allergy Test અને Genetic Test સહિતના અન્ય હેલ્થ ટેસ્ટ હવે જામનગરમાં જ ઉપલબ્ધ

FREE Hair Check-up | Health & Lifestyle Guidance (Zoom Meeting દ્વારા મફત)
15 થી 22 ઓગસ્ટ સુધી
Body Age Report માત્ર ₹2,200
SPECIAL OFFER
અસલ કિંમત ₹9,050
SAVE ₹6,850
લેટેસ્ટ મશીનરી દ્વારા તપાસ | સચોટ રિપોર્ટ | એક્સપર્ટ દ્વારા માર્ગદર્શન | તમારા સ્વાસ્થ્યની સંપૂર્ણ કાળજી
શિવ કોમ્પ્લેક્ષ, રણજીતસાગર રોડ, નંદનવન સોસાયટી, ગેટ નં. 4, જામનગર
9638464348
આજે જ સંપર્ક કરો
તમારા સ્વાસ્થ્યની યોગ્ય તપાસ આજે જ કરાવો.

જામનગર સહિત સર્વે દેશવાસીઓને સ્વાતંત્ર્ય પર્વની
હાર્દિક શુભેચ્છા
શ્રીમતિ વનિતાબેન રાજેશભાઈ ઉંઘાડ
બાંધકામ સમિતિ જિલ્લા પંચાયત જામનગર

II આઝાદી અમર રહો II
સાજીબેન હરદાસભાઈ ખવા
સદસ્યાશ્રીઃ જિલ્લા પંચાયત જામનગર

II આઝાદી અમર રહો II
ઉર્મિલાબેન
જે.પી.મારવિયા
૧૯-નિકાવા ગ્રામ પંચાયત સીટ
સદસ્યાશ્રીઃ જિલ્લા પંચાયત જામનગર

ધ્રોલની સર્વે અવામને આઝાદી મુબારક
અદનાન
અમીનભાઈ ઝન્નર
વિરોધપક્ષ નેતા ધ્રોલ નગરપાલિકા

૧૫ ઓગસ્ટની હાર્દિક શુભેચ્છા
પરબતભાઈ
ધનાભાઈ ગાગિયા
સદસ્યશ્રીઃ જિલ્લા પંચાયત જામનગર

II આઝાદી અમર રહો II
શ્રીમતી મંગુબેન
લખમણભાઈ ઠુંગા
૭-ધુતારપર જિલ્લા પંચાયત સીટ
સદસ્યાશ્રીઃ જિલ્લા પંચાયત જામનગર

With Best Compliments From..
AIRAVAT SECURITY SERVICE
PROTECTION CONSULTANT
Security Services and Outsourcing Solutions
MANTHAN GADHAVI (Ex-Army)
Mo. 9913136994
MEGHRAJSINH JADEJA (Ex-Army)
Mo. 9426865263
Industrial • Events • Bouncer
Gunmen • School & College • Hotel & Mall
Valet Parking • Office
Permanent • Celebrity • Housekeeping
1ST FLOOR, AKASH COMPLEX, NILKAMAL CHOWK, KHODIYAAR COLONY, JAMNAGAR

સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામના
હવે લાઈટ બિલ જેટલા હપ્તામાં આપનું સોલાર લગાડો.
સાથે 78,000 ની સબસીડી.
સરકાર માન્ય સેન્ટર.
પ્રમુખ એન્ટરપ્રાઈઝ.
જામનગર.
9909924800

With Best Compliments From..
NIRAV PATEL ---------- +91 80 00 073211
BINA MEDICAL STORE
2/3 Nandanvan Society, Ranjitsagar Road, Jamnagar.
binamedicalstore7@gmail.com

With Best Compliments From..
ABHIJIT DAVE
CONSULTANCY SERVICES
+91 84604 59520
+91 88668 81999
ADCS
139-A, Madhav Plaza, Opp. SBI Bank, Lal Bunglow, Jamnagar - 361001

# જામનગર જિલ્લામાં જુગાર અંગે ચાર દરોડામાં આઠ મહિલા સહિત ૨૬ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ગોકુલનગર વિસ્તારની સોહમનગર સોસાયટીમાં ચાલતા જુગારના અખાડા પર દરોડો પાડ્યો હતો. જ્યાં મકાન માલિક કાજલબેન કેસરીયા સહિત દીવાળીબેન બાંભણીયા, દીનુબેન મકવાણા, કાંતાબેન કુનતીયા, ઇલાબા જાડેજા, માનકુબા જાડેજા, જોશનાબેન ગુજરાતી, અંજુબેન રાઠોડ, વિજય ગોસ્વામી, હરદીપસિંહ ચુડાસમા, રવીભાઇ પારેજીયા અને દેવશીભાઇ લીંબડ નામના ૮ મહિલાઓ અને ૪ પુરુષો મળી કુલ ૧૨ જુગારીઓને ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રૂ. ૧,૦૦,૯૦૦ ની રોકડ, રૂ. ૫૦,૦૦૦ ના ૮ મોબાઈલ અને રૂ. ૫૦,૦૦૦ ની કિંમતનું સ્કૂટર મળી કુલ રૂ. ૨,૦૦,૯૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ ઉપરાંત, સિટી 'સી' ડિવિઝન પોલીસે મયુરનગર ત્રણ માળિયા વામ્બે આવાસ પાછળ જાહેરમાં જુગાર રમતા રવજીભાઈ વાઘોણા, ઈસ્માઈલભાઈ બુઢાણી, દિવ્યેશભાઈ મકવાણા અને કલ્પેશભાઈ પંડયાને રૂ. ૧૨,૦૦૦ ની રોકડ સાથે ઝડપી પાડ્યા હતા, જ્યારે લાખો ગઢવી અને સાજણ ઉર્ફે મુનો ગઢવી નાસી છૂટ્યા હતા. લાલપુર પોલીસે ખારા તળાવ પાસે બાવળની ઝાળીમાંથી ભાવેશ કગથરા, જામસિંહ જાડેજા, કીશોર ચાવડા અને દેવેન્દ્રગીરી ગોસ્વામીને રૂ. ૧૦,૦૨૦ ની રોકડ સાથે પકડ્યા હતા, જ્યારે વિપુલ જોગલ અને નિલેશ નામના બે શખ્સો ફરાર થઈ ગયા હતા.

જામજોધપુર પોલીસે કોટડા બાવીસી ગામે નદીના કાંઠે દરોડો પાડી મહેન્દ્રભાઇ ઉર્ફે જીગો વરાણીયા, રાજેશભાઇ જોષી, પ્રવીણભાઇ શીલુ, અજયભાઇ દવે, અશ્વિનભાઇ કણસાગરા અને અજયભાઇ પંચાસરા નામના ૬ શખ્સોને ઝડપી લીધા હતા. તેમની પાસેથી રૂ. ૧૩,૫૦૦ ની રોકડ અને રૂ. ૮૫,૦૦૦ નું બુલેટ મોટરસાયકલ મળી કુલ રૂ. ૯૮, ૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



આઝાદી અમર રહો
ઍડવોકેટ
રફીક એસ. મકવાણા
(બી.એ., એલએલ.બી.)
ગુજરાત હાઈકોર્ટ
મકવાણા એસોસિએ્સ
ઑફિસ નં.૫૫૬-૫૫૭, ઈન્દ્રપ્રસ્થ કૉમ્પલેક્ષ,
પંચેશ્વર ટાવર રોડ, 'નોબત'ની બાજુમાં પાંચમા માળે, જામનગર
Mo. 98248 96580

સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે દેશના શહીદોને કોટિ-કોટિ નમન
દેશવાસીઓને હાર્દિક શુભેચ્છા

શ્રી નિરવ બી. સામાણી
બી.એ., એલએલ.બી., એલએલ.એમ.
(ઍડવોકેટ, ગુજરાત હાઈકોર્ટ)
પોલીસ ચોકીની બાજુમાં,
રબારી ગેઈટ પાસે, દ્વારકા-૫
Mo. 8866256625

॥ આઝાદી અમર રહો ॥


શારદાબેન
રતિલાલ માંગરોળીયા
પ્રમુખ શ્રીઃ તાલુકા પંચાયત
તા.વિસાવદર, જિ. જુનાગઢ

॥ આઝાદી અમર રહો ॥
જેના લોહીમાં દેશપ્રેમ ધબકે છે, તેના માટે રાષ્ટ્રથી મોટું કશું નથી.
આઝાદીના અમૃત મહોત્સવ પર દેશના તમામ વીર શહીદોને શત-શત નમન

લીલાવંતીબેન
હરસુખભાઈ સાંગાણી
સરપંચ શ્રીઃ રામગઢ (ભૂતડી )ગ્રામ પંચાયત
તાલુકો વિસાવદર, જિલ્લો જૂનાગઢ

સ્વાતંત્ર્ય પર્વની હાર્દિક શુભકામના

● એડવોકેટ એન્ડ નોટરી ●
કિરીટ કે. પંડ્યા
એમ.એ.એલ.એલ.બી.
એડવોકેટ ગુજરાત હાઈકોર્ટ (નોટરી ભારત સરકાર)
જી-૧૨, ગ્રાઉન્ડ ફ્લોર, એસબીઆઈ બેન્ક સામે,
માધવ પ્લાઝા, લાલ બંગલો, જામનગર
Mo. 63512 44162 / 94288 61545

PGVCL
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (PGVCL) વિસાવદર તરફથી
૧૫મી ઓગસ્ટઃ સ્વતંત્રતા પર્વની આપ સૌને હાર્દિક શુભકામનાઓ..
ગ્રાહકો જોગ જાહેર અપીલઃ આપણી સાવચેતી જ આપણી સલામતી
ચોમાસાની અને ભારે વરસાદની ઋતુમાં આપ સૌની સુરક્ષા અને સતત વીજ પુરવઠો જાળવી રાખવો એ જ અમારો પ્રાથમિક સંકલ્પ છે. વરસાદ અને પવનના કારણે ઉદ્દભવતી મુશ્કેલીઓમાં PGVCLના વિજકર્મીઓ ૨૪X૭ જીવના જોખમે આપની સેવામાં કાર્યરત છે.
તમારો સહકાર જ અમારૂ બળઃ સહકાર આપો, ઉજાસ રાખો.
વાવાઝોડા કે વીજળીના કારણે લાઈન ફોલ્ટ કે ટ્રાન્સફોર્મર ટ્રીપ થવાની સ્થિતિમાં અમારી ટીમો સતત રિપેરિંગ કામગીરી કરતી હોય છે. ફરિયાદ કરતા પહેલાં થોડી રાહ જુઓ, સમજો અને સહકાર આપો..તમારો સહકાર અને સમજૂતી અમને વીજ પુરવઠો જલ્દી ચાલુ કરવામાં મદદ કરશે..
વરસાદી ઋતુમાં આટલું ખાસ ધ્યાનમાં રાખો
તૂટેલા અથવા જમીન પર પડેલા વીજ વાયર, થાંભલા કે ટ્રાન્સફોર્મરને ક્યારેય સ્પર્શ ન કરો અને અન્ય લોકોને પણ દૂર રાખો, ભીના હાથે ઇલેક્ટ્રિકલ ઉપકરણો, સ્વિચ કે પ્લગનો ઉપયોગ ન કરવો, ઘરમાં કે પરિસરમાં પાણી ભરાઈ જાય તો તાત્કાલિક મુખ્ય વીજ પુરવઠો (મેઈન સ્વીચ) બંધ કરી દેવી, બાળકો વીજ ઉપકરણો કે ખુલ્લા વાયર પાસે ન જાય તેની ખાસ સાવચેતી રાખવી, સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ પર વિશ્વાસ ન કરો.
કોઈપણ કટોકટી કે વીજ સંબંધિત સમસ્યા માટે તાત્કાલિક ટોલ-ફ્રી નંબર અથવા નજીકની PGVCL કચેરી/ફરિયાદ કેન્દ્રનો સંપર્ક કરો...


પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ (PGVCL) વિસાવદર


With Best Compliments From..

Amit D. Bhambhi
Advocate
FF-26, Morden Market,
Near Amber Cinema, P. N. Marg,
Jamnagar - 361 008.
98795 92298, 98985 00032
E-mail : amitbhambhi@gmail.com

જામનગર મહાનગરપાલિકા
જનસંપર્ક શાખા-જ્યુબેલી ગાર્ડન, લાલબંગલો, જામનગર
ભારતના ૭૭માં પ્રજાસત્તાક દિવસની સર્વેને હાર્દિક શુભકામનાઓ
(૧) શહેરની જાહેર મિલ્કતો આપણી સૌની છે, તેની જાળવણી કરીએ.
(૨) રણમલ તળાવમાં કચરો ન નાખીએ એ તેમાં મહેમાન બનતા પક્ષીઓની મોટી સેવા છે.
(૩) પ્લાસ્ટીક પર્યાવરણનો મોટો દુશ્મન છે, તેનાથી દૂર રહીએ. દિન-બ-દિન વપરાશ ઘટાડીએ.
(૪) જામનગર મહાનગરપાલિકાની વેબ સાઇટ www.mcjamnagar.com ઉપર ઓનલાઇન વેરો ભરી ઓનલાઇન પેમેન્ટમાં ૨% ડીસ્કાઉન્ટ અને વધુમાં વધુ રૂા.૨૫૦/-નો લાભ મેળવો વેરા/ચાર્જીસ ભરપાઇ કરવાના સ્થળ મહાનગરપાલિકા મેઇન ઓફીસ, સીવીક સેન્ટરો, આઇડીબીઆઇ બેંક, એચડીએફસી બેંક, ધી નવાનગર કો.ઓ.બેંક,તથા કોટક મહિન્દ્રા બેંકની શહેરની તમામ શાખાઓમાં સુવિધા તથા ડેબીટ કાર્ડ ભરપાઇ કરવાના સુવિધા તથા ડેબીટ કાર્ડ તથા ક્રેડીટ કાર્ડ, યુ.પી.આઇ. તથા QR CODE સ્કેન કરી E-WALLETS દ્વારા PayZaap, BHIM, Google PAY, Paytm, Phonepe, Mobiwik વી.થી ઓનલાઇન ભરપાઇ કરી સમયની બચત કરો.
(૫) મહાનગર પાલિકાની મોબાઇલ એપ્લીકેશન JMC CONNECT ડાઉનલોડ કરો અને ઓનલાઇન સેવાઓનો ઉપયોગ કરો.
(૬) મોબાઇલ નંબર રજીસ્ટ્રેશન કરાવી મીલકત વેરાના બીલ તથા અન્ય સ્કીમની SMS દ્વારા જાણકારી મેળવો.
(૭) ઓનલાઇન સેવાઓ : મિલ્કત વેરો, વોટરચાર્જ, વ્યવસાય વેરા, શોપ લાયસન્સ, ફૂડ લાયસન્સ, કારખાના લાયસન્સ, જન્મ-મરણ પ્રમાણપત્ર અને ફરિયાદ નોંધણી
(૮) આપના ઘરની સાથે સાથે ગલ્લી, મોહલ્લો, શહેરને સાફ રાખી 'સ્વચ્છતા ગૃહી બની રોગચાળાને બગાવી. ભીનો તથા સુકો કચરો અલગ રાખી કલેકશન વેનને આપવાનો આગ્રહ રાખો.
(૯) પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરી રાષ્ટ્રીય સંપતિનો બચાવ કરીએ. જળ એ જ જીવન છે.
(૧૦)દિનદયાળ અંત્યોદય યોજના હેઠળ ગરીબ કુટુંબના સ્વસહાય જુથો બનાવી તેઓને સ્વરોજગાર અને કૌશલ્યપૂર્ણ રોજગારીની તકો પુરી પાડીએ
(૧૧) આપના વાહનો નિયત કરેલ પાર્કિંગમાં જ રાખીએ અને ટ્રાફિકના પ્રશ્નોથી બચીએ.
(૧૨) આપના નવા બનાવવાના થતાં મકાનો/બાંધકામોની નિયમોનુસારની મંજુરી મેળવવાનો આગ્રહ રાખીએ અને નિયમોનુસાર બાંધકામ કરીએ.
(૧૩) માન. પ્રધાનમંત્રી આવાસ યોજનાઓનો લાભ લેવો.
(૧૪) આધારકાર્ડ નોંધણી ફરજિયાત હોય જન્મથી તમામ ઉંમરના લોકોએ આધાર મેળવવું ફરજીયાત છે.
(૧૫) ઇ-શ્રમકાર્ડ હેઠળ અકસ્માતથી મૃત્યુ થાય તો રૂા. બે લાખનો વીમો તેમજ અપંગતતાના કિસ્સામાં રૂા. એક લાખ મળવા પાત્ર છે જેનો લાભ લઇએ.
(૧૬) પી.એમ.સ્વનિધિ યોજના હેઠળ રૂા.દશ હજાર થી ૨૫ હજાર સુધીની લોન સહાય જેમાં ૭% સુધીની સબસીડી સાથે સરળ હપ્તથી શહેરી ફેરિયાઓ માટે લોન સહાય યોજનાનો લાભ લઇએ.
(૧૭) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના અંતર્ગત ૧૮ પ્રકારના કારીગરોને લોન સહાય ૫% સુધીની સબસીડી સાથે આપવાની યોજના જે નજીકના Csc/e-gram સેન્ટર પર અથવા સેલ્ફ રજીસ્ટ્રેશન www.pmvishwakarma.gov.in પર કરી શકાશે.
(૧૮) આયુષ્યમાન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના AB-PMJAY-MA અંતર્ગત ગુજરાત રાજયમાં રૂા.૧૦ લાખ તથા અન્ય રાજયમાં રૂા.૫ લાખની તબીબી સહાય મળવાપાત્ર છે. જે જામનગરના તમામ ૧૨ આરોગ્યકેન્દ્ર પરથી કાર્ડની નોંધણી અને ૧૩ પ્રાઇવેટ હોસ્પિટલમાં કાર્ડ નોંધણી અને સારવાર મળે છે. benificiary.nha.gov.in પરથી nfsa લાભાર્થી જાતે બનાવી શકે છે.
(૧૯)આયુષ્યમાન ભારત ડીજીટલ મિશન ABDM અંતર્ગત 'આભાકાર્ડ' ઇસ્યુ થાય છે જે કાર્ડધારકનો તમામ હેલ્થ રેકોર્ડ ઓનલાઇન સાચવે છે. જે abdm.gov.in પરથી સેલ્ફ રજીસ્ટ્રેશન કરી શકાય છે.
ડી.એન.મોદી (IAS) કમિશ્નર | નિલેશભાઇ બી. કગથરા ચેરમેન સ્ટે. કમિટી | ક્રિષ્નાબેન સોઢા ડે.મેયર | વિનોદભાઇ ખીમસુરિયા મેયર

જામનગર સહિત સર્વે દેશવાસીઓને સ્વાતંત્ર્ય પર્વની
હાર્દિક શુભેછા
શ્રીમતિ રંજનબેન ડી. જીવાણી
પ્રમુખશ્રીઃ જામનગર જિલ્લા પંચાયત
જિલ્લા પંચાયત કાર્યાલય, જિલ્લા પંચાયત ભવન, જામનગર
ફોન/ફેક્સ (ઓ.)ઃ ૦૨૮૮-૨૫૫૩૩૯૬, ૯૮૨૫૩ ૪૫૯૮૪
નિવાસ સ્થાનઃ મુ. વાંકિયા,
તા. ધ્રોલ, જી. જામનગર, પીન - ૩૬૧૨૧૦
Mo. 81406 45984



જામનગરની શહેરી તેમજ ગ્રામ્ય જનતાને
સ્વાતંત્ર્ય પર્વની મંગલ કામના

શ્રી પ્રદ્યુમ્નસિંહ
ગુમાનસિંહ ઝાલા
શાસક પક્ષના નેતાશ્રી
જિલ્લા પંચાયત (જામનગર)

ઓખા નગર પાલિકા તરફથી સ્વતંત્રતા દિવસ અન્વયે નગરજનોને હાર્દિક શુભકામના
નગરજનોને સંદેશ
(૧) ઓખા નગર પાલિકાને સુંદર, સ્વચ્છ અને નમુનેદાર બનાવવા સક્રિય સહકાર આપીએ. (૨) જન્મ મરણની નોંધણી બીનચુક અને સમયસર કરાવીએ (૩) નગરપાલિકાના કરવેરા/વ્યવસાય વેરા નિયમીત ભરી નગરના વિકાસમાં સહભાગી બનીએ. (૪) વૃક્ષો વાવો, પર્યાવરણનું જતન કરીએ. (૫) સુકો કચરો અને ભીના કચરાનું વર્ગીકરણ અલગ-અલગ કરીએ. (૬) સ્વચ્છતા અભિયાન સને ૨૦૨૫ અંતર્ગત આપણા નગરને ક્લીન સીટી બનાવવા સંકલ્પબદ્ધ બનીએ. (૭) સ્વચ્છતા એપ ડાઉલોડ કરી તથા શહેર ને સ્વચ્છ રાખવા માટે સહયોગ આપીએ.
ઓખા નગરપાલિકા
શ્રી અશ્વિન ભાઈ ગઢવી ચીફ ઓફીસર ઈન્ચાર્જ | શ્રી રાજેશ ભાઈ કોટક પ્રમુખ | શ્રી હાડાભા માણેક ઉપપ્રમુખ
તથા સર્વે સદસ્યશ્રીઓ, ઓખા નગર પાલિકા,ઓખા

# ૮૦મા સ્વાતંત્ર્ય પર્વે શહેર-જિલ્લાની સરકારી ઈમારતોનું રોશની સ્નાન

## સ્મારકો અને મુખ્ય માર્ગો તિરંગાના રંગોની આકર્ષક રોશનીથી શોભી ઊઠ્યાઃ આઝાદી પર્વની ઉજવણી માટે નગરજનોમાં અનેરો થનગનાટ






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

આજે દેશભરમાં ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની ભારે હરખ અને ઉલ્લાસ સાથે ઉજવણી થઈ રહી છે, ત્યારે જામનગર શહેર અને સમગ્ર જિલ્લો દેશભક્તિના રંગે રંગાઈ ગયો છે. રાષ્ટ્રીય પર્વની ભવ્ય ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટીતંત્ર અને મહાનગરપાલિકા દ્વારા શહેર-જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ, જાહેર ઇમારતો, સ્મારકો તેમજ મુખ્ય માર્ગો પર કેસરી, સફેદ અને લીલા રંગોથી તિરંગાની ઝળહળતી રોશનીના શણગાર કરવામાં આવ્યા છે. ગત રાત્રિથી જ ઝગમગી ઊઠેલી આ ઇમારતો નગરજનોમાં રાષ્ટ્રીય ગૌરવ અને ઉત્સાહની ભાવનાને વધુ ઉજાગર કરી રહી છે. જામનગરની શાન સમાન લખોટા તળાવ, ભુજિયો કોઠો, કલેક્ટર કચેરી, ટાઉનહોલ, જિલ્લા સેવા સદન, જિલ્લા ન્યાય મંદિર ખાતે ઝગમગાટ જોવા મળી રહ્યો છે. આ ઉપરાંત જિલ્લા કક્ષાની ઉજવણીને અનુલક્ષીને ધ્રોલ નગરપાલિકા બિલ્ડિંગ, બાબાસાહેબ આંબેડકર સ્ટેચ્યુ, કોમ્યુનિટી હોલ તેમજ પ્રાંત કચેરી સહિતના સ્થળોએ આકર્ષક રોશની કરાઈ છે.

જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમો અને રોશનીના શણગારથી 'હર ઘર તિરંગા' અભિયાનને ભારે વેગ મળ્યો છે. રાત્રિના સમયે તિરંગાના રંગે રંજિત થયેલી ઈમારતો જામનગરની શોભામાં અભિવૃદ્ધિ કરવાની સાથે દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ અપાવી રહી છે. સમગ્ર જામનગર આઝાદીના આ મહાપર્વને વધાવવા માટે અનેરા ઉમંગ સાથે સજ્જ બન્યું છે.


ભાટીયા ગામના સેવાભાવી યુવા રાજકીય આગેવાન એવા આહીર સમાજના બાબુભાઈ ગોજીયા દ્વારા અનેક વખત સેવા કાર્યો કરવામાં આવે છે. દર વર્ષે શ્રાવણ માસમાં અહીંના શ્રી કાલેશ્વર મહાદેવ મંદિરે મહારુદ્રી, મહાપ્રસાદ તેમજ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં ધજારોહણ અને ભાટિયા ગામના ગોપી મંડળોને બસ દ્વારા દર્શન કરાવવા તેમજ ગામના અનેક રોડ-રસ્તાના વિકાસ કાર્ય તેમજ ગરીબ માણસોને આર્થિક રીતે પણ અનેક વખત મદદરૂપ થવામાં કાયમીને માટે અગ્રેસર રહેતા બાબુભાઈ ગોજીયાને મહાદેવમાં અતુટ શ્રદ્ધા છે. સાથે- સાથે તેમના પત્ની પુરીબેન ભાટીયા ગામના ગોપી મંડળોમાં બાબુભાઈની જેમ સેવા કાર્ય કરે છે. ત્રણ વખત ભાટિયા ગ્રામ પંચાયત અને છેલ્લે તાલુકા પંચાયત સીટમાં કોંગ્રેસમાંથી વિજય થયેલને હાલમાં તાલુકા પ્રમુખ તરીકેની સેવા આપી રહ્યા છે.

## જામકલ્યાણપુર તાલુકા પંચાયત

...સર્વને ૧૫ મી ઓગસ્ટની શુભકામનાઓ શુભેચ્છાઓ...



**શ્રીમતી પુરીબેન બાબુભાઈ ગોજીયા**
પ્રમુખશ્રીઃ તાલુકા

**શ્રી બાબુભાઈ સોમાતભાઈ ગોજીયા**
માજી ઉપસરપંચશ્રીઃ ભાટિયા ગ્રામ પંચાયત

ગોજીયા પરિવાર તરફથી તાલુકાના તમામ લોકો તેમજ ભાટિયા વાસીઓને ૧૫ મી ઓગસ્ટની ખૂબ- ખૂબ શુભકામનાઓ...



## દ્વારકા નગર પાલિકા તરફથી સ્વતંત્રતા દિવસ અન્વયે નગરજનોને હાર્દિક શુભકામના

### • પ્રજાજોગ સંદેશ •

● ચાલો, સાથે મળીને આપણા દ્વારકા ધામને અતિ સુંદર, સ્વચ્છ અને ઉત્કૃષ્ટ નગર બનાવવામાં આપણો સક્રિય સાથ-સહકાર આપીએ. ● જન્મ અને મરણની નોંધણી કરાવવાનું ક્યારેય ન ભૂલીએ, સમયસર અને ચોક્કસ નોંધણી કરાવી જવાબદાર નાગરિક બનીએ. ● સમયસર નગરપાલિકાના તમામ વેરા અને વ્યવસાય વેરો ભરીને દ્વારકાના સર્વાંગી વિકાસમાં આપણા યોગદાનની ભાગીદારી નોંધાવીએ. ● વધુ ને વધુ વૃક્ષો વાવીએ, હરિયાળી વધારીએ અને આપણા પ્રાકૃતિક પર્યાવરણનું જતન કરવાનો નિશ્ચય કરીએ. ● ઘર કે દુકાનનો સૂકો અને ભીનો કચરો હંમેશા અલગ-અલગ ડસ્ટબિનમાં રાખીને કચરાના યોગ્ય નિકાલમાં મદદરૂપ બનીએ. ● સ્વચ્છતા અભિયાન ૨૦૨૫ હેઠળ આપણા પવિત્ર શહેરને દેશનું સૌથી સ્વચ્છ અને 'ક્લીન સિટી' બનાવવા માટે દ્રઢ સંકલ્પ લઈએ. ● મોબાઈલમાં 'સ્વચ્છતા એપ' ડાઉનલોડ કરીએ અને ફરિયાદ કે સૂચન દ્વારા શહેરને નિત્ય સ્વચ્છ રાખવાના કાર્યમાં સહયોગી બનીએ.


## દ્વારકા નગરપાલિકા

| શ્રી અશ્વિન ભાઈ ગઢવી | શ્રી કોમલબેન ડાભી | વિજયભા માણેક (સંજુભા) |
|---|---|---|
| ચીફ ઓફીસરશ્રી | પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી |

તથા સર્વે સદસ્યશ્રીઓ, દ્વારકા નગર પાલિકા, દ્વારકા











PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com